બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડના વહિવટ માટે વડી કચેરી માટે મંજુર કરેલ મહેકમની આઠ (૮) હંગામી જગ્યા ચાલુ રાખવા અંગે.

તાઃ-૨૮/૨/૨૦૧૩ સુધી ચાલુ રાખવા અંગે.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-અપબ/૧૦૨૦૧૨/૧૩૦૫૧૧/જ,
સચિવાલય, ગાંધીનગર

તા. ૨૯/૨/૨૦૧૨

**વંચાણે લીધા :-**

(૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૩/૨/૨૦૧૧નો ઠરાવ

(૨) બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડનો તા.૬/૨/૨૦૧૨નો પત્રાંકઃ- બે.સ્વા.અ.૫.વિ.બો/૧૨/૨૦૭-૧૦

**ઠરાવ :-**

(૧) આ વિભાગનાં સરખા ક્રમાંકના આમુખ ક્રમાંકઃ-૧માં દર્શાવેલ તા.૨૩/૨/૨૦૧૧નાં ઠરાવ અન્વયે, બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડના મહેકમની ૮ (આઠ) હંગામી જગ્યાઓ તા.૨૯/૨/૨૦૧૨ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ હતી.

(૨) બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડના આમુખ ક્રમાંક (૨) માં દર્શાવેલ તા.૬/૨/૨૦૧૨ના પત્ર અન્વયે, આ બોર્ડની આઠ જગ્યાઓને તા.૨૮/૨/૨૦૧૩ સુધી ચાલુ રાખવાની ભલામણ સહ દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૩) આ બોર્ડની પ્રશ્ન હેઠળની આઠ હંગામી જગ્યાઓની મુદત લંબાવવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે જણાવેલ આઠ (૮) હંગામી ભરાયેલી જગ્યાઓને નીચે જણાવેલ શરતોને આધિન તાઃ-૧/૩/૨૦૧૨ થી તાઃ-૨૮/૨/૨૦૧૩ સુધી ચાલુ રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | પગાર ધોરણ (૩) | જગ્યાની સંખ્યા (૪) |
|---|---|---|---|
| ૧. | સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ.૨) | રૂા.૯૩૦૦-૩૪૮૦૦ | ૧ |
| ૨. | મેનેજર વહીવટ (વર્ગ.૨) | રૂા.૯૩૦૦-૩૪૮૦૦ | ૧ |
| ૩. | કચેરી અધિક્ષક (વર્ગ.૩) | રૂા.૯૩૦૦-૩૪૮૦૦ | ૧ |
| ૪. | જુનિયર કારકુન (વર્ગ.૩) | રૂા.૫૨૦૦-૨૦,૨૦૦ | ૧ |
| ૫. | ગુજરાતી ટાઈપીસ્ટ (વર્ગ.૩) | રૂા. ઉચ્ચક વેતન રૂા.૧૫૦૦/ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૬. | ડેટા એન્ટ્રી ઓપરેટર | રૂા.૨૫૦૦/ફીકસ પગારે ૧૧ માસના કરાર આધારીત | ૧ |
| ૭. | પટાવાળા (વર્ગ.૪) | રૂા.૪૪૪૦–૭૪૪૦ | ૧ |
| ૮. | પટાવાળા (વર્ગ.૪) | રૂા.૧૩૫૦/થી નિયત | ૧ |
| | | કુલ : | ૮ |

(૧) આ અંગેનું ખર્ચ સને.૨૦૧૨–૧૩ ના વર્ષ માટે આ હેતુ માટે મંજુર થનાર ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે.તેમજ નિયત થયેલ સદરે ઉધારવાનું રહેશે.

(૨) ક્રમાંક.૭ અને ૮ની વર્ગ–૪ની જગ્યા આઉટ સોર્સીગથી ભરવાની રહેશે તેમજ ક્રમાંક.૫ ગુજરાતી ટાઈપીસ્ટ ઉચ્ચક વેતનથી તેમજ ક્રમાંક.૬ની ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યા કરાર આધારિત ભરવાની રહેશે.આ માટે કોઈ નવી જગ્યા ઉભી કરવાની રહેશે નહી.

(૩) આ જગ્યાઓ જે હેતુ માટે ઉભી કરેલ છે તે હેતુ માટે જ ભરવાની રહેશે.

(૪) હંગામી જગ્યાઓના સંદર્ભમાં કામગીરીની સમીક્ષા સમયાંતરે કરવાની રહેશે.

(૫) ખાલી જગ્યાઓ અંગે નાણા વિભાગની વખતો વખતની સૂચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૬) આ હંગામી જગ્યાઓની મુદત પુરી થાય તેના ચાર માસ પહેલાં તેને ચાલુ રાખવાની દરખાસ્ત મોકલવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તા.૧૫/૨/૨૦૧૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

**( વી.બી.પઢારિયા )**
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

– સચિવશ્રી,બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ,બ્લોકનં.૪/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
– નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,૪/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગુજરાત રાજ્ય, ગાંધીનગર
– એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજ્ય,અમદાવાદ/રાજકોટ.
– પે એન્ડ એકાઉન્ટન્ટ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
– રેસીડેન્ટ ઓફિસર,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
– પગાર અને હિસાબી અધિકારી,ગાંધીનગર.
– નાણાં સલાહકારશ્રી (સા.ન્યા),બ્લોકનં.૪/૮,નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર
– સિલેકટ ફાઈલ.